


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 32,(SURAT), DATE-29/01/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૨, (સુરત), તા.૨૯/૦૧/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સાંસદના અનુદાનમાંથી લગાવેલા સોલાર સ્ટ્રીટ લાઈટ પોલ તૂટીને નીચે પડ્યા, ગુણવત્તા સામે સવાલ ઊઠ્યા

3 વ્યારામાં ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

4 પિતાએ માસૂમ બાળકીને પાણીની ટાંકીમાં નાખી મોતને ઘાટ ઉતારી, આરોપીની ધરપકડ

## ૭૬મા પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી તાપી જિલ્લા માટે ગૌરવશાળી ક્ષણ, રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ધ્વજવંદન કરીને રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સમારોહમાં ઉપસ્થિત જનપ્રતિનિધિશ્રીઓ, પ્રશાસનના અધિકારીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, અતિથિગણ, યુવાપેઢી, મહિલાઓ-બાળકો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ દેશભક્તિના જુવાળ સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

**તાપી -** સંસ્કૃતિ અને અપ્રતિમ પ્રાકૃતિક સૌંદર્યનું અનોખું મિશ્રણ ધરાવતાં તાપી જિલ્લામાં ૭૬ મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વાલોડ તાલુકાના બાજીપુરા પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ધ્વજવંદન કરીને રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી. આ ખાસ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહીને ધ્વજવંદન સમારોહની ભવ્યતામાં વધારો કર્યો હતો.


આ વેળાએ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ માર્ચ પાસ્ટ નિરીક્ષણ કર્યું હતું. પરેડ નિરીક્ષણમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાયા હતા. વાયુદળે હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરીને તિરંગાની આન, બાન, શાનને ઉજાગર કર્યું હતું. પરેડ માર્ચ પાસ્ટના માધ્યમથી શૌર્ય અને સમર્પણને ઉજાગર કરતાં પોલીસ જવાનોની વિવિધ ૨૩ ટુકડીમાં કુલ ૭૮૦ જવાનોએ રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી. રાષ્ટ્રધ્વજનું સન્માન અને સલામી દેશભક્તિના ઉમંગભર્યા વાતાવરણ વચ્ચે ગુજરાતની વિકાસગાથાને અવિરત આગળ વધારવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સમારોહમાં ઉપસ્થિત જનપ્રતિનિધિશ્રીઓ, પ્રશાસનના અધિકારીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, અતિથિગણ, યુવાપેઢી, મહિલાઓ-બાળકો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ દેશભક્તિના જુવાળ સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ફ્ન ફેર હર્ષધ્વનિએ રાષ્ટ્રીય પર્વને સોહામણો બનાવ્યો હતો. માર્ચ પાસ્ટ પોલીસ બેન્ડની મધુર સુરાવલિ સાથે પોલીસના જવાનોની શિસ્તબદ્ધ પરેડ અને માર્ચ-પાસ્ટ યોજાઈ હતી. ચેતક કમાન્ડો, મરીન કમાન્ડો, એસઆરપીના જવાનો, પોલીસના વિવિધ સંલગ્ન મહિલા-પુરુષ પ્લાટૂન, એસપીસી, એનસીસી, એનએનએસના કેડેટ્સની આ પરેડને ઉપસ્થિત સૌએ મજા માણી હતી. આ ઉપરાંત ચેતક કમાન્ડોના બુલેટ પ્રૂફ વાહનોનું નિદર્શન (ટેબ્લો), દિલધડક મોટર સાઈકલ સ્ટંટ શો તેમજ રાજયના ગૌરવવંતા ગુજરાત શ્વાનદળ, ગુજરાત અશ્વદળના સુંદર કરતબોની પ્રસ્તુતિ દ્વારા સૌ કોઈ રોમાંચિત થયા હતા. વધુમાં પોલીસ વિભાગ દ્વારા રાજયોના વિવિધ પરંપરાગત નૃત્યની પ્રસ્તુતિ સાથે વીરરસથી ભરપૂર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો. પરેડમાં શિસ્ત અને અનુશાસનની અદ્વિતીય ઝલક નિહાળતાં રાજયપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએએ જવાનોના શ્રેષ્ઠ પ્રદર્શન અને સમર્પણના ભાવનાની પ્રશંસા કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ દેશભક્તિના રંગમાં રંગાયેલી તાપી જિલ્લાની પાવન ભૂમિ પર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળીને લોકો મંત્રમુગ્ધ થયા હતા. કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા દેશભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુજરાતની આગવી ઓળખ એવા રાસ ગરબાની તાલબદ્ધ સામૂહિક નૃત્યએ અનેરી જમાવટ કરી હતી.

કસ્તુરબા અધ્યાપન મંદીર બોરખડીની દીકરીઓ દ્વારા નયનરમ્ય પોષાકમાં પ્રસ્તુત કરાયેલું દેશભક્તિ ગીત, ૧આદિવાસી જંગલ રખવાલા રે પર પ્રસ્તુત કરાયેલું આદિવાસી નૃત્ય અને ગુજરાતના સંસ્કૃતિની આગવી ઓળખ એવા રાસગરબાએ પ્રેક્ષાગૃહમાં ઉપસ્થિત સૌને આકર્ષિત કર્યા હતા.કુકુબ્રાસ બેન્ડ ડિસ્પ્લે દ્વારા ગુજરાત પોલીસના જવાનોએ સુર, તાલ અને ચાલનું સુંદર પ્રદર્શન કર્યું હતું. જવાનોએ માં તુઝે સલામ, દિલ દિયા હૈ જાન ભી દેગે , મેરી મીટ્ટી જેવા દેશભક્તિ અને સાંસ્કૃતિક ગીતોને સંગીતની સુમધુર સુરાવલી સાથે પ્રસ્તુતી કરી હતી. જેને સૌ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ગુજરાત પોલીસના ૨૨૫ જેટલા કલાકાર કર્મીઓ દ્વારા સપ્તરંગી ગુજરાત થીમ પર હાલાર રાસ, સાંસ્કૃતિક ગરબો સહિત સ્થાનિક સંસ્કૃતિ પર આધારિત સુંદર કૃતિઓની પ્રસ્તુતિ કરી હતી. ગુજરાત પોલીસે મોટરસાયકલ સ્ટંટ શો દ્વારા સાહસ, શૌર્ય અને ધૈર્યનો શ્રેષ્ઠ પરિચય આપ્યો હતો. મેદાનની બંને દિશાઓથી આંખના પલકારાથી એકબીજાને ક્રોસ કરતાં ગુજરાત પોલીસનાં બાઈક

## ઉમરપાડાના વાડી ગામે પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી

### શિક્ષણમંત્રી પાનસેરિયાએ સૈનિક સ્કૂલ ખાતે ધ્વજવંદન કર્યું, શ્રેષ્ઠ કર્મચારીઓનું સન્માન





**સુરત-** સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી ગામે આવેલી સૈનિક સ્કૂલ ખાતે ૭૬ મા પ્રજાસત્તાક દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. રાજયના શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો અને પરેડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ડો. સૌરવ પારધી, જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસર અને જિલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો અને નૃત્યની પ્રસ્તુતિ કરી હતી.

સમારોહમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસકર્મીઓ અને સરકારી કર્મચારીઓને પ્રશસ્તિપત્ર અને મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લાના વિવિધ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકોએ આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.

## શ્રી શાંતારામ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મોતા. ૭૬ મો પ્રજાસત્તાક દિન ઉજવવામાં આવ્યો








**બારડોલી-** શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ મોતામાં ૭૬ મા પ્રજાસત્તાક પર્વની ઉત્સાહ અને ઉમંગથી ઉજવણી કરવામાં આવી હતી. અતિથિ વિશેષ તરીકે શ્રી ચીમનભાઈ લલ્લુભાઈ પટેલ શ્રી રમણભાઈ પઢીયાર, શ્રીમતી જયોત્સનાબેન પટેલ, શ્રી ભુલાભાઈ એન પટેલ અને શાળાના કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી દીપિકાબેન પટેલ અને અતિથિ વિશેષ શ્રી ચીમનભાઈ લલ્લુભાઈ પટેલે ધ્વજવંદન અને સલામી ના કાર્યક્રમ દ્વારા દેશભક્તિ વ્યક્ત કરી હતી. શાળામાં ભારતના ‘વિકાસ અને વિરાસતને‘ ધ્યાનમાં રાખી જુદા જુદા હાઉસ ના વિદ્યાર્થીઓએ વિભિન્ન પ્રકારની અસરકારક અને આકર્ષક કૃતિઓ રજૂ કરી હતી . જેમાં ભારતના અગ્રણી ઉદ્યોગપતિઓ શ્રી રતન ટાટા , શ્રી ધીરુભાઈ અંબાણી , શ્રી અઝીઝ પ્રેમજી અને પ્રયાગરાજ ખાતેના મહા કુંભના મેળાની વિશિષ્ટ અને અનેરી કૃતિઓ સાથે ‘સર્વ ધર્મ સમભાવ અને અનેકતામાં જ એકતા ના શુભ સંદેશ સાથે સર્વ મહાનુભાવો અને વાલીગણનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.ભારતના સૈન્ય દળ હવાઈ દળ અને નૌકાદળ ની પ્રસ્તુત કરતી સુંદર પરેડ વિદ્યાર્થીઓએ રજૂ કરી હતી *અનેકતામાં એકતા *ને કેન્દ્રમાં રાખી શાળાના સિનિયર કેજી થી ધોરણ ચારના બાળકોએ દેશભક્તિના રંગે રંગાયેલા વિવિધ અને સુંદર ડાન્સ રજૂ કર્યા હતા. આચાર્યશ્રી દીપિકાબેન પટેલે શાળાના ટ્યૂબેટિક મેથ્સમાં અગ્રેસર રહેલા તમામ વિદ્યાર્થીઓને અને ખેલકૂદ ક્ષેત્રે કૌશલ્ય દેખાડનાર શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને વિશિષ્ટ પ્રસ્તુતિ અને અનોખી રીતે એવોર્ડ આપી નવાજયા હતા. શાળાના આચાર્યશ્રી દીપિકાબેન પટેલે સ્વતંત્રતા પ્રત્યે માન અને મોભાની લાગણી સાથે સર્વ કૃતિઓની યાદગાર માહિતી વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી હતી અને દેશ પ્રત્યેની પોતાની ફરજો અંગે વિદ્યાર્થીઓને સભાન કર્યા હતા. શાળાના શ્રેષ્ઠતમ પ્રદર્શનથી પ્રોત્સાહિત થઈ વિદેશથી આવેલા મહેમાનોએ દાનની સરવાણી વહાવી હતી. મંચસ્થ મહાનુભાવો એ આચાર્યશ્રી અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓની કામગીરીને



બિરદાવી હતી શાળાના પ્રમુખશ્રી નવીનભાઈ પટેલ મંત્રી શ્રી રમેશભાઈ પટેલ અને કારોબારી સભ્યોએ આચાર્યશ્રી અને શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ખરેખર, આજના દિવસે શાળાનો સમગ્ર માહોલ દેશભક્તિના રંગે રંગાયો હતો.



Date-29/01/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)


GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### બારડોલી નગરમાં લગાવેલા સ્ટ્રીટ લાઇટ પોલે ગુણવત્તાની પોલ ખોલી

## સાંસદના અનુદાનમાંથી લગાવેલા સોલાર સ્ટ્રીટ લાઇટ પોલ તૂટીને નીચે પડ્યા, ગુણવત્તા સામે સવાલ ઊઠ્યા

**બારડોલી-** બારડોલી નગરપાલિકા દ્વારા કેનાલ રોડ પર લગાવવામાં આવેલી સોલાર સ્ટ્રીટ લાઇટના પોલ તદ્દન તકલાદી હોવાથી નજીવા પવનમાં પણ જમીનદોસ્ત થયો હતો. સાંસદના અનુદાનમાંથી ફાળવવામાં આવેલા આ સ્ટ્રીટ લાઇટની ગુણવત્તા સામે સવાલો ઊભા થઈ રહ્યા છે.

આ અંગે મળતી માહિતી મુજબ નગરપાલિકા ને બારડોલીના સાંસદ દ્વારા તેમના અનુદાનમાંથી ૬૫૦ જેટલી સોલાર સ્ટ્રીટ લાઇટની ફાળવણી કરવામાં આવી હતી. આ સ્ટ્રીટ લાઇટ બારડોલીના અલગ અલગ વિસ્તારમાં લગાવવામાં આવી છે. જેમાં સૌથી વધુ વીજપોલ કેનાલ રોડ પર અને કેદારેશ્વર મહાદેવ જતાં માર્ગ પર લગાવવામાં આવ્યા છે. જો કે આ સ્ટ્રીટ લાઇટના પોલ લગાવનાર એજન્સી દ્વારા જે પોલ




**જે સમયે પોલ લગાવવામાં આવ્યા હતા તેના થોડા દિવસોમાં જ કેનાલ રોડ પર કેટલાક પોલ તૂટીને નીચે પડયા હતા. હવે સોમવારના રોજ વધુ એક પોલ તૂટી પડ્યો છે. પોલ પર લગાવવામાં આવેલી પેનલ પણ તકલાદી જોવા મળી રહી છે.**

લગાવવામાં આવ્યા છે તેની ગુણવત્તા સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. જે સમયે પોલ લગાવવામાં આવ્યા હતા તેના થોડા દિવસોમાં જ કેનાલ રોડ પર કેટલાક પોલ તૂટીને નીચે પડયા હતા. હવે સોમવારના રોજ વધુ એક પોલ તૂટી પડ્યો છે.પોલ પર લગાવવામાં આવેલી પેનલ પણ તકલાદી જોવા મળી રહી છે.

પ્રજાના લાખો રૂપિયામાં ગુણવત્તાયુક્ત કામ થતું ન હોય ત્યારે સાંસદે પણ આ મામલે એજન્સી સામે કાર્યવાહી કરવાના આદેશ આપવા જોઈએ. આ અંગે બારડોલી નગરપાલિકાના રોશની વિભાગના ઈજનેર કિરણ ચૌધરીએ જણાવ્યુ હતું કે, શેરડીની ટ્રકો કે અન્ય મોટા વાહનો અડી જવાથી પોલ તૂટી પડે છે. પોલ પડી જવા અંગે એજન્સીને જાણ કરી છે. એજન્સી દ્વારા તેની કામગીરી કરવામાં આવશે.

## દસ્તાન ગામે કાર્ટિંગ કરતી વખતે ૩.૯૨ લાખનો દારૂ ઝડપાયો

**બારડોલી-**સુરત જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસોએ પલસાણા તાલુકાના દસ્તાન ગામની સીમમાં વિદેશી દારૂનો જથ્થો કાર્ટિંગ થતો હતો ત્યારે દરોડા પાડી સ્થળ ઉપરથી એક ટેમ્પો અને એક ફોરવ્હીલ સાથે ત્રણ આરોપીની ધરપકડ કરી સ્થળ ઉપરથી પરપ્રાંત બનાવટનો વિદેશી દારૂની કિંમત ૩.૯૨ લાખ વાહન તેમજ અન્ય ચીજવુસ્તુ મળી ૧૮.૫૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સુરત જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસો પલસાણા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે દસ્તાન ગામની સીમમાં શિવશક્તિ રેસીડેન્સીના મકાન નં ૨૩૮ની આગળ એક અશોક લલન ટેમ્પો તથા એક ફોરવ્હીલ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરી મુકી રાખી તેને સગેવગે કરવાની તૈયારી છે. ચોક્કસ બાતમીને આધારે પોલીસે દરોડો પાડતાં એક એસક્રોસ ગાડીમાં ટેમ્પોમાંથી વિદેશી દારૂ ભરવામાં આવ્યી રહ્યો હતો. તથા એક સ્પ્લેન્ડર મોટરસાઈકલ ઉપર વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવતો હતો. પોલીસે સ્થળ ઉપરથી વિદેશી દારૂનો વેપાર કરનાર હુશેન ખાન રમઝાનખાન મુસલા (૩૦) (રહે. દસ્તાન શિવશક્તિ રેસી. મૂળ, ધાનેરા, જિ. બનાસકાંઠા), ગુલાબખાન અનવર ખાન સુમરા (રહે. દસ્તાન ગામ, શિવશક્તિ રેસીડેન્સી, મૂળ રહે. પાતલા, સાચોદ, જિ. જાલોદ, રાજસ્થાન) તેમજ રફીક મુસ્તાક મુસલા (૨૫) (રહે. દસ્તાન શિવ શક્તિ રેસી. મૂળ. પાંજણા, તા. ધાનેરા, જિ. બનાસકાંઠા) ને ઝડપી લીધા હતાં. વિદેશી દારૂ ભરાવનાર રાજુ ઉર્ફે રઝાક મુસલા નાઓને વોન્ટેડ જાહેર કર્યો હતો. સ્થળ ઉપરથી પોલીસને પરપ્રાંતની અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂની વ્હીસ્કી તેમજ બિયરની બોટલ નં ૨૦૨૮ કિંમત ૩.૯૨ લાખ, ટેમ્પો, કાર અને મોટરસાઈકલ મળી ૧૪,૫૦,૦૦૦ અંગ ઝડતીમાંથી ૧૫૦૦૦ રોકડા, ૩ મોબાઈલ મળી ૧૮,૫૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## ૨૫૦ વિદ્યાર્થીઓ આપત્તિની સ્થિતિમાં જરૂરિયાતમંદ લોકોને તાત્કાલિક મદદ પહોચાડી શકશે

સુરત- સુરત શહેરમાં હાર્ટ-એટેકના કિસ્સાઓ વધતા લોકોમાં જાગૃતતા લાવવા માટે સુરત ટ્રાફિક પોલીસ અનોખા જાગૃતિ અભિયાનમાં જોડાઇ છે. શહેરના ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત પોલીસ હવે સ્કૂલના વિદ્યાર્થીઓને કાર્ડિયોપલ્મનરી રિસસિટેશન આપવાની તાલીમ આપી રહી છે.



ટ્રાફિક પોલીસે ખાનગી શાળાઓમાં કાર્યક્રમ યોજી ધોરણ ૯ અને ૧૧ના લગભગ ૨૫૦ વિદ્યાર્થીઓને ઈડછ ટ્રેનિંગ આપવાનું આયોજન કર્યું છે. ટ્રેનિંગના મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને જીવન બચાવવાના આ મહત્વના જ્ઞાનથી સજ્જ કરવાનો છે, જેથી તેઓ આપત્તિની સ્થિતિમાં જરૂરિયાતમંદ લોકોને તાત્કાલિક મદદ પહોચાડી શકે.

આ કાર્યક્રમમાં, ડોક્ટરો દ્વારા વિદ્યાર્થીઓને શારીરિક પદ્ધતિઓ અને સી.પી.આર. આપવાની તકનીક સમજાવવામાં આવી હતી. થોડીક પ્રેક્ટિકલ તાલીમ સાથે તેમને દુર્ઘટના કે હાર્ટ-એટેક જેવી પરિસ્થિતિમાં કઈ રીતે પ્રાથમિક સહાય પૂરી પાડી શકાય તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ટ્રાફિક એસીપી વી.પી. ગામિતે જણાવ્યું કે, અમે અનેક વખત જોયું છે કે તાત્કાલિક CPR જીવન બચાવવા માટે ખૂબ જ અસરકારક સાબિત થાય છે. બાળકોને આ તાલીમ મળી કે તેઓ હિંમતપૂર્વક આવી પરિસ્થિતિમાં પગલાં લઈ શકે અને જીવ બચાવવાનો પ્રયત્ન કરી શકે. આ તાલીમે તેઓને સક્ષમ બનાવ્યા છે કે તેઓ પોતાની આસપાસના લોકો સાથે આ જ્ઞાન વહેંચી શકે. માત્ર બાળકો સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ બાળકો પોતે તેમના પરિવાર અને મિત્રો સાથે આ જ્ઞાન વહેંચી શકે છે, જેનાથી સમગ્ર સમાજમાં જનજાગૃતિ વધશે. આ અભિયાનનો ઉદ્દેશ્ય છે.

## ભૂસ્તરશાસ્ત્રી ડી.કે. પટેલનો વિદાય સમારંભ:૨૦ વર્ષની સેવા બાદ નિવૃત્તિ, ૫૦૦ કરોડની ખનિજ ચોરી પકડનાર અધિકારીને ભવ્ય વિદાય



**બારડોલી-**સુરત જિલ્લા ક્વોરી એસોસિએશન દ્વારા લાંબી સેવા આપનાર ભૂસ્તરશાસ્ત્રી ડી.કે. પટેલનો વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં રેતી અને ક્વોરી ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડી.કે. પટેલે છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન ગુજરાત રાજયના વિવિધ જિલ્લાઓમાં ભૂસ્તર વિભાગમાં અલગ-અલગ હોદ્દા પર સેવા આપી હતી. તેમની વિદાય વેળાએ સુરત જિલ્લા ક્વોરી એસોસિએશનના પ્રમુખ રજની પટેલ, ચતુરભાઈ અને ગોપાલભાઈએ ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું હતું. પટેલની કારકિર્દીમાં નોંધપાત્ર સિદ્ધિઓ રહી છે. ૨૦૦૬-૦૭માં કચ્છ-ભુજમાં ૧૦૦ કરોડની રોયલ્ટી આવક માટે તેમને સરકાર તરફથી પ્રશંસાપત્ર મળ્યું હતું. તેમણે પોરબંદરમાં ૫૦૦ કરોડની ખનિજ ચોરી પકડી પાડી હતી અને પોરબંદરને ખનિજ વહીવટમાં મોડેલ જિલ્લો બનાવ્યો હતો.

## ઉમરપાડા તાલુકા પંચાયતની પેટા ચૂંટણી:ધાણાવડ-૪ બેઠક માટે ૧ ફેબ્રુઆરીથી ઉમેદવારી નોધણી શરૂ થશે, ૧૬ ફેબ્રુઆરીએ મતદાન

**બારડોલી-**સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકા પંચાયતની ધાણાવડ-૪ બેઠક માટે રાજય ચૂંટણી આયોગે પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ બેઠક અનુસૂચિત આદિજાતિ મહિલા માટે અનામત છે. ચૂંટણી અધિકારી અને મામલતદાર ઉમરપાડા દ્વારા જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે.



**ફોર્મ ચકાસણી ૩ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યાથી હાથ ધરાશે.**

ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી શરૂ થશે. ઉમેદવારો સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધી મામલતદાર કચેરી, ઉમરપાડા અથવા નાયબ મામલતદાર (મહેસૂલ) ની કચેરી ખાતે ઉમેદવારી નોંધાવી શકશે. ફોર્મ ચકાસણી ૩ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યાથી હાથ ધરાશે.

ઉમેદવારી પાછી ખેચવાની છેલ્લી તારીખ ૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ બપોરે ૩ વાગ્યા સુધી રાખવામાં આવી છે. જો ચૂંટણી હરિફાઈવાળી બને તો ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. ઉમેદવાર પોતે અથવા તેમના પ્રતિનિધિ કે ચૂંટણી એજન્ટ દ્વારા ઉમેદવારી પાછી ખેચવાની અરજી કરી શકાશે.

## ખોડદા ગામના પંચાયત ફળિયામાં પાણી પુરવઠાની લાઈનમાં લીકેજ



કુકરમુંડા- તાપી જિલ્લાના નિઝર તાલુકામાં આવેલ મૌજે ખોડદા ગામના પંચાયત ફળિયામાં દક્ષિણ નિઝર જૂથ પાણી પુરવઠા યોજનાની પીવાના પાણીની પાઇપ લાઈનમાં છેલ્લા ઘણા દિવસોથી લીકેજ હોવા છતાં પણ જવાબદાર તંત્ર દ્વારા પાણીની પાઇપ લાઈનમાં થયેલ લીકેજનું સમારકામ નહી કરાવતા. લીકેજનું પાણી જાહેર રસ્તા ઉપર ભરાય રહેતું હોય છે. જેના લીધે આજુબાજુમાં વસવાટ કરનારા લોકો સહિત રસ્તા ઉપરથી પસાર થનારા વાહન ચાલકો હેરાન પરેશાન થઇ રહ્યા છે.

આ બાબતે મળતી માહિતી અનુસાર ખોડદા ગામના પંચાયત ફળિયામાં યોહનભાઈના ઘરની નજીકમાં દક્ષિણ નિઝર જૂથ પાણી પુરવઠા યોજનાના અંતર્ગત નાખવામાં આવેલી પીવાના પાણીની પાઇપ લાઈનમાં છેલ્લા કેટલાક દિવસોથી લીકેજ થયેલ છે. જે પાઇપ લાઈનમાં થયેલ લીકેજનું પાણી જાહેર રસ્તા ઉપર ભરાય રહેતું હોવાથી રસ્તા ઉપરથી પસાર થનારા વાહન ચાલકો તેમજ આજુબાજુમાં રહેતા લોકો હેરાન પરેશાન થઇ ગયા છે. સ્થાનિકો લોકો દ્વારા પાણી પુરવઠા યોજનાની પાણીની પાઇપ લાઈનમાંથી લીકેજનું પાણી જાહેર રસ્તા ઉપર ભરાય રહેતું હોવા અંગે જવાબદાર તંત્રને વારંવાર મૌખિક જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં પણ તંત્રએ આજદિન સુધી પીવાના પાણીની પાઇપ લાઈનમાં લીકેજનું સમારકામ કરાવ્યું જ નથી તેમ જાણવા મળે છે.

## રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી:શિક્ષણ પ્રધાન અને કલેકટરની ઉપસ્થિતિમાં વાહન ચાલકોને હેલ્મેટનું વિતરણ

બારડોલી- સુરત જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીના ભાગરૂપે કામરેજ ચાર રસ્તા ખાતે એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનસેરિયા અને સુરત જિલ્લા કલેક્ટર સૌરભ પારઘીએ વિશેષ હાજરી આપી હતી, જેમણે વાહન ચાલકોને હેલ્મેટનું વિતરણ કર્યું હતું.



સુરત ગ્રામ્ય પોલીસ વડા હિતેશ જોયસરે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા વાહન ચાલકોને માર્ગ સુરક્ષા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે અકસ્માતથી થતા આર્થિક, શારીરિક અને પારિવારિક નુકસાન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વાહન ચાલકોએ ભાગ લીધો હતો. અધિકારીઓએ ખાસ ભાર મૂક્યો હતો કે હેલ્મેટ માત્ર પોલીસના દંડથી બચવા માટે નહીં, પરંતુ પોતાના અને પરિવારની સુરક્ષા માટે પહેરવું જોઈએ. વાહન ચાલકોને ઘરની બહાર નીકળતી વખતે ફરજિયાત હેલ્મેટ પહેરવાની જવાબદારી સમજાવવામાં આવી હતી. આ પહેલ દ્વારા માર્ગ સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવાનો અને અકસ્માતોને ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### પલસાણામાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ

## એલસીબી પોલીસે ૧૮.૫૮ લાખનો વિદેશી દારૂ, ત્રણ વાહનો સાથે ત્રણ આરોપીઓને ઝડપ્યા

**બારડોલી-**સુરત જિલ્લા એલસીબી પોલીસે પલસાણા તાલુકાના દસ્તાન ગામમાં મોટી કાર્યવાહી કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે શિવશક્તિ રેસીડેન્સી નજીકથી કુલ રૂ.૧૮,૫૮,૬૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસને મળેલી માહિતી મુજબ, દસ્તાન ગામની શિવશક્તિ રેસીડેન્સી મકાન નં-૨૩૮ની આગળ વિદેશી દારૂનો જથ્થો ભરેલા વાહનો પાર્ક કરેલા છે. આ માહિતીના આધારે એલસીબીની ટીમે રેઇડ કરી હતી. પોલીસે અશોક લેલેન્ડ ટેમ્પોમારુતિ એસ-ક્રોસ અને એક સ્પ્લેન્ડર મોટરસાઇકલ જપ્ત કર્યા હતા.



પોલીસે કુલ ૨૦૨૮ બોટલ વિદેશી દારૂ અને બીયર કિંમત રૂ.૩,૯૨,૫૨૦, ત્રણ વાહનો કિંમત રૂ.૧૪,૫૦,૦૦૦, ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂ.૧૫,૦૦૦ અને રોકડ રૂ.૧૧૦૦ મળી કુલ રૂ.૧૮,૫૮,૬૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પોલીસે હુસેનખાન રમઝાનભાઇ મુસલા (ઉ.વ.30), ગુલાબખાન અનવરભાઇ સુમરા (ઉ.વ.૨૧) અને રફિકભાઇ મુસ્તાકભાઇ ઉર્ફેમુસાભાઇ મુસલા (ઉ.વ.૨૫) ની ધરપકડ કરી છે. જ્યારે રાજુભાઇ ઉર્ફેરજાકભાઇ મુસલા (રહે.સાંચોર, રાજસ્થાન) ફરાર છે. પકડાયેલા આરોપીઓને પલસાણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે, જ્યાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## એઆઇ અને મશીન લર્નિંગ ટેકનોલોજીનો સાચી દિશામાં ઉપયોગ કરીએ : કલેક્ટર

ચિકદા- એઆઇ અને મશીન લર્નિંગ ટેકનોલોજીનો સાચી દિશામાં ઉપયોગ કરીએ તેમ કલેકટરે એસ.કે.મોદીએ જણાવ્યું હતું.દેડિયાપાડામાં વિવિધ ક્ષેત્રમાં ઉમદા કામગીરી કરનારા ૩૫ વ્યકિઓનું સન્માન કરાયું હતું. પીઠા ગ્રાઉન્ડ ખાતે કલેકટરની હાજરીમાં તિરંગાને સલામી આપવામાં આવી હતી. જેમાં તેમણે રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. ધ્વજવંદન બાદ પોલીસ જવાનો તરફથી હર્ષ




ધ્વની કરાયું હતું. બાદમાં કલેક્ટરએ પરેડનું નિરિક્ષણ કરી કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ તકે તેમણે આપણા બંધારણીય આદર્શોને અનુસરીને લોકશાહીના મૂલ્યોને સુદ્રઢ કરવા સૌને સંકલ્પબદ્ધ બની વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપવા માટે આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતનું પ્રાચીન જ્ઞાન વિશ્વને પર્યાવરણીય સંકટમાંથી મુક્તિનો માર્ગ ચિંધી શકે છે. આપણે અક્ષય ઉર્જાના સ્ત્રોતને પ્રોત્સાહન આપવામાં અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને નાથવામાં વિશ્વને નેતૃત્વ પૂરુ પાડવા સક્ષમ છીએ. આજનો ટેક્નોલોજીના યુગમાં ટેક્નોલોજિકલ વિકાસ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવી અદ્યતન ટેક્નોલોજીનો માનવ-વિકાસ માટે સાચી દિશેમાં ઉપયોગ કરીએ.

## રિક્ષામાં ક્ષમતા કરતા વધારે વિદ્યાર્થીઓને ભરી દોડતા ચાલકનો વીડિયો વાયરલ, RTO ની કાર્યવાહીની માંગ

ભરૂચ- ભરૂચના ડુંગરી વિસ્તારમાં સ્કૂલ વાહન ચાલકોની બેદરકારી સામે આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં એક ઓટો રિક્ષામાં ક્ષમતા કરતાં બમણા વિદ્યાર્થીઓને ભરીને લઈ જતો ચાલક જોવા મળ્યો છે. આ ઘટના વિદ્યાર્થીઓની સુરક્ષા માટે ગંભીર ચિંતાનો વિષય બની છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે રિક્ષા ચાલક નિયમોનું ઉલ્લંઘન કરી વધુ કમાણી માટે વિદ્યાર્થીઓના જીવ



જોખમમાં મૂકી રહ્યો છે. આ સમસ્યા માત્ર ડુંગરી વિસ્તાર પૂરતી સીમિત નથી, પરંતુ જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ સ્કૂલ વાહનો દ્વારા આવી બેદરકારી દાખવવામાં આવી રહી છે. ભૂતકાળમાં આવી બેદરકારીના કારણે અનેક અકસ્માતો થયા છે અને કિંમતી જીવ ગુમાવવા પડ્યા છે.

Date-29/01/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી– હિમાંશુસિંહ ઠાકોર

## કંપનીઓમાં સપ્લાય ચેઇન મેનેજમેન્ટની કુશળતા અનિવાર્ય

સપ્લાય ચેઇન મેનેજમેન્ટનું કામ માત્ર ખરીદી અને વેચાણ પૂરતું જ મર્યાદિત નથી. કંપનીમાં ઇનપુટ, પ્રોસેસિંગ, આઉટપુટ અને ડિલિવરીનું ચક્ર સદાય ચાલતુ રહે છે

ડીજીટલ યુગની સિદ્ધિ : ઇ.સ. ૧૯૮૦મા અને તે પછીના ડીજીટલ યુગે જગતનું વૈશ્વીકરણ કર્યું છે. કોમ્પ્યુટરર્સ ૧૯૪૫માં બીજા વિશ્વયુધ્ધના અંત બાદ ખોળાયું છે. શરૂઆતમાં કોમ્પ્યુટર્સનો ઉપયોગ માત્ર એકાઉન્ટ કીપીંગ માટે થતો હતો. આઇબીએમના શરૂઆતના ઇ.સ. ૧૯૫૦ના કોમ્પ્યુટર્સ વિરાટ કદના હતા અને માત્ર ગણતરી (કોમ્પ્યુટેશન્સ) કરતા યંત્રો હતા. તે પછી કોમ્પ્યુટર્સ એકબીજા સાથે સંકળાયા અને ૧૯૮૦માં આઇબીએમ કંપનીએ ડેસ્કટોપ અને પછીથી અનેક કંપનીઓએ લેપટોપ કોમ્પ્યુટર્સની રચના કરી તે પછી જગતમા કોમ્પ્યુટર્સનો અને ડીજીટલાઇઝેશનનો યુગ શરૂ થઇ ગયો. કોમ્પ્યુટર્સનો ઉપયોગ વીજળી ગતિથી સંદેશા મોકલવા અને મેળવવા માટે, ઉત્પાદનને સંકલિત કરવા માટે યંત્રોને સ્વયંસંચાલિત બનાવવા માટે થવા લાગ્યો અને દુનિયા બદલાઈ ગઈ. હવે મોટી કંપનીઓ મધ્યમ કદની અને પ્રગતિશીલ નાની કંપનીઓમા પણ સપ્લાય ચેઇનનું મહત્ત્વ વધ્યું છે. આ પહેલા કંપનીઓ પોતાનો કાચો માલ, પાટર્સ અને અન્ય સપ્લાયઝનો ત્રણ મહીના ચાલે એટલો સંગ્રહ કરતી હતી જેથી કંપનીના વર્કીંગ કેપીટલનો મોટો ભાગ તેમા સપડાઈ જતો હતો. કંપનીને પોતાની વેચાણ માટેની પ્રોડક્ટસની પણ મોટી ઇન્વેન્ટરી રાખવી પડતી હતી. હવે કોમ્પ્યુટર્સ અને ડીજીટલાઈઝેશનને કારણે 'જસ્ટ ઇન ટાઇમ'નો કન્સેપ્ટ ઊભર્યો છે જેની શરૂઆત અમેરીકાએ નહી પણ જાપાને કરી હતી. આજે અમેરિકાની વોલમાર્ટ કંપની તેની સપ્લાય ચેઇનના મેનેજમેન્ટની કુશળતામાં પ્રથમ ક્રમનું સ્થાન ભોગવે છે.

જ્ઞાન અને કુશળતાની નવી શાખા : હવે જગતની દરેક મોટી અને મધ્યમ કદની કંપનીઓમા સપ્લયા-ચેઇન મેનેજમેન્ટના સ્પેશીયાલીસ્ટોની હાજરી અનિવાર્ય છે. આ ક્ષેત્રમાં લોજીસ્ટીક (આવનજાવન) વિજ્ઞાનની કુશળતા અનિવાર્ય છે. હજારો ઠેકાણેથી કાચો માલ અને પાટર્સ મંગાવવાના હોય, અને હજારો બજારોમા તેને વેચવાના હોય અને ઝડપી વેચાણ માટે હજારો ઠેકાણે તેને માટે સંગ્રહાલયમાં (વેરહાઉસીસ) ઉભા કરવાના હોય તેને માટે કંપનીઓએ સપ્લાય ચેઇન મેનેજમેન્ટની કુશળતા કેળવવી જ પડે. તેવી જ રીતે રેલ્વેઝ અને એરલાઇન્સ જેઓ લાખો મુસાફરોની જગતના અને દેશના મુસાફરોની અને ગુડઝની હેરફેર કરે છે તેમને માટે 'લોજીસ્ટીક્સ'નું જ્ઞાન અનિવાર્ય છે.

સપ્લાય ચેઇન મેનેજમેન્ટના મૂળ તત્ત્વો : સપ્લાય ચેઇન સપ્લાયર્સ તેમજ ડીસ્ટ્રીબ્યુટર્સનું કોમ્પ્યુટર્સથી જોડાયેલું નેટવર્ક છે જે ઇલેક્ટ્રોનીક સંદેશાઓ અને વાટાઘાટો દ્વારા કાચો માલ તથા પાર્ટસની યોગ્ય ભાવે અને યોગ્ય સમયે અને જરૂરી ગુણવત્તાને ખ્યાલમાં રાખીને લઘુત્તમ વાહનવ્યવહારના ખર્ચે માલ ખરીદે છે. સાથે સાથે તે કંપનીની પ્રોડક્ટસના વિતરણમા પણ લોજીસ્ટીકનો ઉપયોગ કરીને પોતાની પ્રોડક્ટસ ગ્રાહકોને કે વિતરકો (ડીસ્ટ્રીબ્યુટર્સ)ને સમયસર મળે અને તે માટે માલનો ઓછામાં ઓછો ગોદામોમા સંગ્રહ કરવો પડે તેની વ્યવસ્થા કરે છે. પોતાની વિતરણ વ્યવસ્થા દ્વારા ગ્રાહકને કંપનીના માલની 'બેસ્ટ વેલ્યુ' મળે તેની પણ વ્યવસ્થા કરે છે. સપ્લાય ચેઇન મેનેજમેન્ટનું કામ માત્ર ખરીદી અને વેચાણ પૂરતું જ મર્યાદીત નથી. દરેક કંપનીમા ઇનપુટ, પ્રોસેસીંગ, આઉટપુટ અને (માલની) ડીલીવરીનું ચક્ર સદાય ચાલતુ રહે છે. કંપનીની ઉત્પાદન અને વેચાણની આ ચારેય પ્રક્રિયાઓમાં સપ્લાય મેનેજમેન્ટનું મોટું પ્રદાન છે. આ ક્ષેત્રમા જાપાન કુશળતા ધરાવે છે તો હવે ચીનનું અર્થકારણ નિકાસ-લક્ષી હોવાથી તેણે પણ આ ક્ષેત્રમા માસ્ટરી મેળવી છે. કંપનીના કાચા માલ તથા પાટર્સ માટે વિશ્વસનીય સપ્લાયરો મેળવવાનું કામ કઠિન છે. અહી વિશ્વસનીય શબ્દ અગત્યનો છે. કારણ કે કોઈ અનિવાર્ય પાર્ટનો સપ્લાયર અનિયમિત હોય, તેણે દેવાળુ, ફૂંક્યુ હોય કે તેની ફેકટરીમા મજૂરોએ હડતાળ પાડી હોય તો કાચો માલ કે પાટર્સના અભાવે ખરીદનાર કંપનીના ઉત્પાદન અને વેચાણને મોટો ફટકોપડે છે. તે 'કોમન સેન્સ'ની બાબત છે પરંતુ પર્ચેઝીગના ક્ષેત્રમા અનેક પ્રલોભનો કોઈ પણ સંસ્થાના પર્ચેઝીંગ ખાતાને હોવાથી આ કામ ધારીએ એટલું સહેલું નથી. આ વાત માત્ર કંપનીઓને જ નહી પણ સરકારના તમામ પર્ચેઝીંગ ખાતાને લાગુ પડે છે.

## ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## ભારત દેશના મહામહિમ્ રાષ્ટ્રપતિશ્રી નાઓ દ્વારા શ્રી મુકેશ નેગી (આસિસ્ટન્ટ ઇન્ટેલિજન ઓફિસર સી.આઈ.ડી.આઈ.બી.) નાઓને પ્રશંસનીય સેવા મેડલની જાહેરાત કરેલ છે





શ્રી મુકેશ નેગી નાઓ સને-૨૦૦૦ માં નર્મદા જિલ્લા પોલીસ વિભાગમાં પોલીસ તરીકે પ્રથમ પોસ્ટિંગ મેળવી નર્મદા જિલ્લાના રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ઉત્તમ કામગીરી સાથે પોલીસિંગની શરૂઆત કરેલ જેથી પોલીસના ઉપરી અધિકારીઓ દ્વારા તેઓને તુરંત ડિટેક્શન સ્ટાફમાં તેઓની નિમણૂક કરેલ હતી.

બાદ એસપી સ્કોડ તથા એસ.પી.કચેરી નર્મદા ખાતે વિવિધ વિભાગોમાં ફરજ બજાવી અધિકારીશ્રીઓ સાથે ક્રાઇમ, ઇન્ટેલિજન્સી અને કોમ્પ્યુટર રાઈઝેશન લગતી કામગીરી કરેલ જે કામગીરી અધિકારીશ્રીઓએ ધ્યાને લેતા ટૂંક સમયમાં તેઓ વડોદરા રેન્જ આઈ. જી. પી. શ્રી રાકેશ અસ્થાના સાહેબની (આર. આર સેલ.) ટીમમાં નિમણૂક પામેલ હતા. શ્રી નેગીની ધગસ અને કામગીરી પ્રત્યે વફાદારી અને નિષ્ઠાના કારણે ટૂંક સમયમાં પોલીસ અધિકારીઓમાં તેઓએ ખૂબ ચાહના અને નામના મેળવેલ હતી. સને ૨૦૦૬ માં શ્રી મુકેશ નેગી નાઓ ખાતાકીય પરીક્ષા પાસ કરી ગુજરાત રાજય સી.આઈ.ડી. (આઇ.બી.) વિભાગમાં ડેપ્યુટેશન ઉપર તેઓની આસિસ્ટન્ટ ઇન્ટેલિજન ઓફિસર તરીકેની નર્મદા જિલ્લામાં ફરીથી નિમણૂક થયેલ. નર્મદા જિલ્લામાં તેઓ દ્વારા માનવતાને જ પ્રથમતા ના સ્લોગન સાથે વહીવટી તંત્ર સાથે મળી અસાધારણ કામગીરી કરી રાજપીપળા ના વિવિધ વર્ગો માં ખૂબ નામના મેળવેલ હતી.

સને ૨૦૧૮ માં વિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી લોકાર્પણ કાર્યક્રમમાં વિવિધ વીઆઇપી મુવમેન્ટો તેમજ કાયદો અને વ્યવસ્થા લગત સવિશેષ કામગીરી કરેલ અને સને -૨૦૧૯ માં શ્રી મુકેશ નેગી ની વડોદરા રીજિયન (સી.આઇ.ડી.આઇ.બી.) ખાતે બદલી થતાં એસપી સાહેબશ્રી ના માર્ગદર્શન અને સૂચના મુજબ વિશેષ કામગીરી કરી, કામગીરી પ્રત્યે વફાદારી અને સહજ વ્યક્તિત્વના કારણે તેમજ સાચા અર્થમાં પોલીસ પ્રજાનો મિત્ર છે એવું સાબિત કરી શ્રી મુકેશ નેગી નાઓએ તેઓના પોલીસ ફરજના કાર્યકાળ દરમિયાન અનડીટેકટ ગુનાઓ ડિટેક્ટ કરી, દારૂ અને જુગારના ગણનાપાત્ર કેસો કરી, વોન્ટેડ આરોપીને પકડી કાયદો અને વ્યવસ્થા અનુસંધાને ઇનપુટ્સ આપી, વી.વી.આઇ.પી. સુરક્ષા તેમજ ૨૬ જાન્યુઆરી ૨૦૧૭ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ન્યુ દિલ્હી ખાતે દિલ્હી પોલીસ સાથે ફરજ બજાવી વિગેરેની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ શ્રી મુકેશ નેગી (આસિસ્ટન્ટ ઇન્ટેલિજન્સ ઓફિસર સી.આઇ.ડી.આઇ.બી.) ને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ પ્રજાસત્તાક દિવસ નિમિત્તે તેઓ દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરી કરવા બદલ માન. મહામહિમ્ રાષ્ટ્રપતિ શ્રી નાઓ દ્વારા શ્રી મુકેશ નેગીને પ્રશંસનીય સેવા મેડલ આપવાની જાહેરાત કરેલ છે. ઉપરોક્ત જાહેરાત બાદ વડોદરા, નર્મદા જિલ્લા સહીત તેમના જન્મ સ્થળ ઉકાઇ તેમજ સોનગઢ, વ્યારા અને સુરત, તાપી જિલ્લામાંથી નિષ્ઠાવાન પોલીસ અધિકારીને મિત્રવર્તુળ અને પ્રજાજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહેલ છે.

## વ્યારામાં ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

વ્યારા- ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી તરફથી ૨૫ મી જાન્યુઆરી, ૨૦૨૫ ને ૧૫ મા 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' તરીકે દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે તાપી જિલ્લા ચુંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગના માર્ગદર્શન હેઠળ નિવાસી અધિક કલેક્ટર આર. આર. બોરડ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં તાપી કલેક્ટર સભાખંડ ખાતે ૧૫ માં 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર આર. આર. બોરડે સૌને રાષ્ટ્રીય મતદાતા દિવસની શુભેચ્છા પાઠવી હતી.


રાષ્ટ્રીય મતદાતા દિવસનું મહત્વ સમજાવતા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, આજનો ૧૫મો 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' કરોડો મતદારોના લોકતાંત્રિક અધિકારની ઉજવણીનો અવસર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી પારદર્શક, ક્ષતિ રહિત બને તેમજ મતદારો તેમના મતાધિકારોનો નિર્ભયતાપૂર્વક ઉપયોગ કરી શકે તે માટે




ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. મતદારયાદીમાં નામ તથા વિગતની ચકાસણી, નામ નોંધણી કે વિગતમાં ફેરફાર માટે ૧૯૫૦ વોટર હેલ્પલાઇન તેમજ Voter Helpline App અને NVSP website મારફત ઓનલાઇન રજીસ્ટ્રેશનની સુવિધા ઉપલબ્ધ છે જેનો આપણે સૌએ ઉપયોગ કરી તેનો લાભ લેવા અન્યને પણ પ્રેરિત કરવા જોઇએ એમ ઉમેર્યું હતું. નોંધનીય છે કે,વર્ષ ૨૦૨૫ ની સ્થિતિએ તાપી જિલ્લામાં સ્ત્રી મતદારોની સંખ્યા પુરુષ મતદારો કરતા વધારે છે. અહીં કુલ- ૨૪૬૪૯૧ પુરુષ મતદારો, ૨૬૧૭૬૯ સ્ત્રી મતદારો તથા ૦૫ થર્ડ જેન્ડર મતદારો મળી કુલ-૫૦૮૨૬૫ નોંધાયેલા મતદારો છે. જિલ્લાના તમામ ૫૯૫ મતદાન મથકોના ૪૬૮ સ્થળો ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ અવશ્ય મતદાન કરવાનો સંકલ્પ લીધો હતો. વ્યારા પ્રાંત અધિકારી, નાયબ ચૂંટણી અધિકારી સહીત વિવિધ અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા શહેરની રહેવાસી નિશાએ વડોદરાથી લંડનની સાયકલ યાત્રા શરૂ







વડોદરા શહેરની રહેવાસી નિશાએ વડોદરાથી લંડનની સાયકલ યાત્રા શરૂ કરેલી છે. હાલ યાત્રાના ભાગરૂપે તેણે ૭માં દેશ રશિયામાં પ્રવેશ કર્યો છે. તેણે અત્યારસુધીમાં ૧૧૩૨૫ કિમી સાયકલ ચલાવી છે. ૧૬ દેશોમાં ૧૫૦૦૦ કિમી સાયકલ ચલાવીને વડોદરાની નિશાકુમારી આજે લંડન પહોંચશે. એવરેસ્ટ સર કરનાર વડોદરાની યુવતી નિશા કુમારી હવે સાયકલ પર ભારતથી લંડનની મુસાફરી કરી રહી છે અને આજે રવિવારે તે પોતાની સફરના આખરી પડાવ લંડન ખાતે પહોચશે.

ઉલ્લેખનીય છે કે તેણીએ સાયકલ પર ૧૬ દેશોમાંથી પસાર થઈને ૧૫૦૦૦ કિલોમીટરની મુસાફરી કરી છે. નિસડેનમાં સ્વામિનારાયણ મંદિરમાં રવિવારે ભારતીય સમય પ્રમાણે રાત્રે ૯-૩૦ કલાકે દર્શન કરીને સંતોના આશીર્વાદ લઈને પોતાની આ યાત્રાની પૂર્ણાહુતિ કરશે.

## ધલા પાટીયા પાસે ડમ્પર અડફેટે બાઈક સવારે ઘટના સ્થળે જ જીવ ગુમાવ્યો



**બાઈકને અડફેટે લેતા પ્રજ્ઞેશના પગમા ગંભીર ઇજા સહિત ટાયરમા આવી ગયેલા સંજયનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું**

**બારડોલી-** જીવલેણ અકસ્માતના જાણે બ્લેક સ્પોટ સમા ધલા પાટીયા ક્રોસીંગ પર ડમ્પર અડફ્ટે બાઈક સવારનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. માંડવીના અંધાત્રી ખાતેથી પ્રજ્ઞેશ ચૌધરી, સંજય ચૌધરી દિપેશ ચૌધરીની બાઈક પર શનિવારે રાત્રે પીપોદરા નોકરીએ જવા નીકળ્યા હતા. ધલા પાટીયા કટ પરથી પસાર થતી વેળાએ પુરપાટ ઝડપે આવી રહેલા ડંફર ના ચાલકે બાઈકને અડફેટે લેતા પ્રજ્ઞેશના પગમા ગંભીર ઇજા સહિત ટાયરમા આવી ગયેલા સંજયનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

સ્થળ પર આવેલી ૧૦૮ મારફતે ઇજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમા લઈ જવાયા હતા. મૃતકની લાશને પી.એમ અર્થે સરકારી દવાખાને લઇ જવામાં આવી હતી. ઘટનાને પગલે મૃતકના સંબંધી મહેશ ખાલપભાઈ ચૌધરીએ દમ્ફર ચાલક વિરૂદ્ધ કામરેજ પોલીસમાં ફરિયાદ નોધાવી હતી.

## બંધ પડેલી ગાડીને માર્ગદર્શન આપી રહેલા વ્યક્તિને ડમ્પરે કચડ્યો, ઘટનાસ્થળે મોત

**બારડોલી-** પીપોદરા હાઇવે પર એક દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. બનાવની વિગતો મુજબ, ભીયારામ બેનીવાલના ભાઈની ગાડી હાઇવે પર બંધ પડી ગઈ હતી, જેને રિપેર કરાવવા માટે મેકેનિક બોલાવવામાં આવ્યો હતો.

રિપેરિંગ દરમિયાન અન્ય વાહનચાલકોને સુરક્ષિત માર્ગદર્શન આપવા માટે એક વ્યક્તિ લાઈટના ઈશારા વડે ટ્રાફિક નિયંત્રિત કરી રહ્યો હતો. આ દરમિયાન, પૂરઝડપે આવી રહેલા ડમ્પર ના ચાલકે બેદરકારીથી વાહન ચલાવતા માર્ગદર્શન આપી રહેલા વ્યક્તિને અડફેટે લીધો હતો.




અકસ્માત એટલો ભયાનક હતો કે ઈજાગ્રસ્ત વ્યક્તિનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અકસ્માત સર્જાયા બાદ ડમ્પર ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો.

Date-29/01/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# સાપુતારા હથગઢ ના કિલ્લા પર હાટકેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરી મંદિર ખુલ્લું મુકવામાં આવ્યું

## હાટકેશ્વર મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં શ્રી રાજપૂત કરણી સેના હોદેદારો ની વિશેષ ઉપસ્થિતિ







**સાપુતારાઃ** સ્વાભિમાન ગ્રુપ બારડોલી દ્વારા હાટકેશ્વર મહાદેવની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ ભવ્ય રીતે યોજાઈ. આ સમારોહમાં સ્વાભિમાન ગ્રુપના પ્રમુખ ચિરાગ જોષી અને કમલજીતસિંહ ચાવડા દ્વારા અપાયેલા આમંત્રણને માન આપી શ્રી રાજપૂત કરણી સેના દ્વારા હાજરી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સુરત જિલ્લાના શ્રી રાજપૂત કરણી સેના પ્રમુખ મિતુલસિંહ સુરમા, સુરત જિલ્લા મહામંત્રી ટુમીરસિંહ સોલંકી અને સુરત જિલ્લા મીડિયા પ્રભારી હિમાંશુ ઠાકોર કરણી સેનાના સદસ્ય કમલજીતસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાભિમાન ગ્રુપ દ્વારા આયોજિત આ ધાર્મિક પ્રસંગે બારડોલી ના અનેક ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા અને આ ધાર્મિક ક્ષણ ભક્તિપૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી સ્વાભિમાન ગ્રુપ અગાઉ બે ત્રણ વર્ષ પહેલા હથગડના કિલ્લા ઉપર ચોમાસા દરમિયાન ટ્રેકિંગ કરવા માટે ગયા હતા કિલ્લાની ઉપર મહાદેવનો નાનુ શિવલિંગ જોવા મળ્યું એની આજુબાજુ ઈંટો મૂકેલી હતી આ જોઈને અભિમાન ગ્રુપ બારડોલી દ્વારા ત્યાં એક નાનું મંદિર બનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો જે આજે સુદર મંદિર બનાવીને જેમાં ગણપતિ અને હનુમાન દાદા ની મૂર્તિ ની પ્રતિષ્ઠા કરવામાં આવી અને હથકેશ્વર મહાદેવ નુ મંદિર જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

ઈ.સ. ૧૪૦૦ શતાબ્દીમાં આ કિલ્લાનુ નિર્માણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ આ કિલ્લો અનેક શાસકો નો સાક્ષી બનયો છે. કહેવાય છે કે હિન્દુત્વ સ્વરાજયની સ્થાપના માટે શિવાજી મહારાજ ના સમયગાળ દરમિયાન આ કિલ્લો દક્ષિણનું મુખ્ય પ્રવેશ દ્વાર ગણવામાં આવતો હતો. શિવાજી મહારાજ ના કિલ્લાને સૈન્ય છાવણી માટે ઉપયોગ કરતા હતા. સુરત શહેર પર આક્રમણ બાદ શિવાજી મહારાજે મુઘલો સાથે સંધિ દરમ્યાન ૪૦ કિલ્લો પાછાં આપવામાં આવ્યા હતા. એમાં આ કિલ્લાનો પણ ઉલ્લેખ હતો આ કિલ્લો ફરી પાછો મુઘલો પાસેથી શિવાજી મહારાજે મેળવી જીતી લીધો હતો આવો અનોખો અદભૂત ઇતિહાસ નો આ કિલ્લો સાક્ષી છે તે ૧૪૦૦ મી શતાબ્દી સમયનું આ મહાદેવનું શિવલિંગ કોણે કયારે ત્યાં સ્થાપિત કર્યું હશે તેનુ પ્રમાણ મળ્યું નથી. પૌરાણિક શિવલિંગ આમ ખુલ્લું જોઈને સ્વાભિમાન ગ્રુપ બારડોલી દ્વારા ત્યાં મંદિર બનાવવામાં સંકલ્પ ત્રણ વર્ષ પૂર્વે કરવામાં આવ્યો હતો જે આજે ૨૬ જાન્યુઆરી ના દિવસે જીર્ણોદ્ધાર કરી સંકલ્પ પૂરો કર્યો છે. હર હર મહાદેવ

### પાનસરા ગામમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

# યુવકોએ ૧૮૦ વિદ્યાર્થીઓને નોટબુક, ચોકલેટ અને બોલપેન વિતરણ કરી સેવાકીય પ્રવૃત્તિ કરી





**બારડોલી-** ૭૬ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે માંગરોળના પાનસરા ગામમાં યુવકો દ્વારા અનોખી રીતે સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુવકોએ ગામના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કર્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓને નોટબુક, ચોકલેટ અને બોલપેન જેવી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક લોકોએ યુવકોની આ પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.

યુવકોએ સમાજના અન્ય લોકોને પણ આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાવા માટે અપીલ કરી હતી. આ રીતે પ્રજાસત્તાક દિનની ઉજવણીને સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડીને એક અનોખો સંદેશ આપવામાં આવ્યો હતો.

# શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૪૪ મો આઈ કેમ્પ







શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૭/૦૧/૨૦૨૫ ને સોમવારના રોજ ૬૪૪ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે ની:શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન (નારાયણ સેવા) શ્રી જીતેન્દ્રભાઈ કરશનભાઈ પટેલ પરિવાર, પારડી ખોજ તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી

# વાલોડ તાલુકા બેડકુવા ગામે ૪ વર્ષ ની દીપડી પાંજરે પુરાઈ



**તાપી-** તાપી જિલ્લા વાલોડ તાલુકાના બેડકુવા ગામ ના ઉમેરી ફળિયા માં અશ્વિનભાઈ ગામીત ના ઘર પાસે થી અંદાજે ૪ વર્ષ ની દીપડી પાંજરે પુરાય. તારીખ ૧૬/૦૧/૨૦૨૫ ના રોજ સરપંચની અરજી ના આધારે વાલોડ વનવિભાગ ના કર્મચારી સંદીપ ચૌધરી દ્વારા પાંજરું મૂકવામાં આવ્યું હતું, તે પહેલા બે દિવસ અગાઉ વાલોડ તાલુકામાં ૫ વર્ષની દીપડી પાંજરે પુરાઈ હતી. તે પછી આજે ૨૬ જાન્યુઆરી રવિવાર સવારે ૫ કલાકે પાંજરે દીપડી પૂરતા લોકોને રાહત મળી તે પછી તાત્કાલિક વાલોડ વનવિભાગ ના કર્મચારી સંદીપ ચૌધરી અને અર્જુન ચૌધરી સાથે RCSSG મેમ્બર ઇમરાન વૈદ મળીને પાંજરા નો કબ્જો લઈ વાલોડ વનવિભાગ ની નર્સરી પર ૪ વર્ષની દીપડી મૂકવામાં આવી, તે સાથે વન વિભાગના ઉપલા અધિકારી ને જાણ કરવામાં આવી હતી.

### તાપીમાં દોઢ વર્ષની બાળકીની હત્યા

# પિતાએ માસૂમ બાળકીને પાણીની ટાંકીમાં નાખી મોતને ઘાટ ઉતારી, આરોપીની ધરપકડ




તાપી (વ્યારા)- તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના કુંકડાડુંગરી ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક પિતાએ પોતાની જ દોઢ વર્ષની માસૂમ દીકરીની હત્યા કરી નાખી છે. આરોપી પિતાએ બાળકીને પાણીની ટાંકીમાં ડુબાડીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પિતાએ દોઢ વર્ષની દીકરીની હત્યા કરી તાપીના સોનગઢમાં પિતાએ પોતાની દોઢ વર્ષની દીકરીને પાણીના ટાકામાં નાખી હત્યા કરી છે. આ ઘટનાની જાણ થતાં જ સોનગઢ પોલીસે આરોપીને શોધવાની તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે ડોગ સ્કવોડની મદદથી ગણતરીના કલાકોમાં જ આ કેસને ઉકેલી નાખ્યો હતો. આ ઘટનાની તપાસમાં સામે આવ્યું કે બાળકીની હત્યા તેમના પિતા વિરલ ગામીતે જ કરી છે.

પોલીસે આરોપીને ઝડપી લીદો આ ઘટનામાં પોલીસના નાયબ પોલીસ અધિક્ષક ઈશ્વર પરમારના જણાવ્યા અનુસાર, ૨૫ જાન્યુઆરીના રોજ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાં કુકડાડુંગરી ગામમાં આરોપી વિરલ ગામીતે પોતાની દોઢ વર્ષની દીકરીને ઘાબા પર રહેલી પાણીની ટાંકીમાં નાખીને હત્યા કરી છે. પ્રાથમીક તપાસમાં ઘરકંકાસ ના કારણે હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે હાલ આરોપી પિતાની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કર્યો છે, જયાંથી તેને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે.

પોલીસે હત્યાનું કારણ જાણવા તપાસ હાથ ધરી આ મામલે પોલીસ હાલ હત્યાનું ચોક્કસ કારણ જાણવા માટે વિવિધ દિશાઓમાં તપાસ કરી રહી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. એક પિતા દ્વારા પોતાની જ માસૂમ દીકરી સાથે આવી ક્રૂરતા આચરવામાં આવી હોવાથી લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).